Ontario

# સમાચાર પ્રકાશન

નાણા મંત્રાલય

## ઓન્ટેરિયોને સુરક્ષિત રાખવાની યોજના

### ઓન્ટેરિયોનું *2025 પાનખર આર્થિક નિવેદન* પ્રોવિન્સની વધારે સ્પર્ધાત્મક, સ્થિતિસ્થાપક અને સ્વનિર્ભર અર્થતંત્ર બનાવવાની યોજના પર ભાર મૂકે છે

**સમાચાર** નવેમ્બર 6, 2025

ટોરોન્ટો — આજરોજ, નાણામંત્રી Peter Bethlenfalvy (પીટર બેથલેનફાલ્વી)એ *2025 ઓન્ટેરિયો આર્થિક દૃષ્ટિકોણ અને નાણાકીય સમીક્ષા રજૂ કરી: ઓન્ટેરિયોને સુરક્ષિત રાખવાની યોજના*, જે રેડ ટેપ કાપીને, માળખાગત સગવડોમાં રોકાણ કરીને, કામદારોને સહાયરૂપ બનીને, સેવાઓ સુધારીને અને જીવન વધારે પરવડી શકે તેવું બનાવીને વધારે સ્પર્ધાત્મક, સ્થિતિસ્થાપક અને સ્વનિર્ભર અર્થતંત્ર બનાવવાની સરકારની ઓન્ટેરિયોને સુરક્ષિત રાખવાની યોજનાને ટેકો આપે છે.

“ટેરિફનો સીધો પ્રભાવ ઓન્ટેરિયોના કામદારોઅને સમુદાયો પર પડવાની સાથે, સરકાર માટે ઓન્ટેરિયોનું રક્ષણ કરવાની યોજના પૂરી કરવી ક્યારેય એટલી મહત્વપૂર્ણ ન હતી. અમે હાઇવે, ટ્રાન્ઝિટ, આરોગ્ય સંભાળ અને આપણાં સમુદાયો આધારિત હોય તેવી અન્ય બધી સેવાઓમાં રોકાણ કરવાનું ચાલુ રાખીએ છીએ, જેથી અમે આપણાં વિકસતા પ્રોવિન્સ માટે નિર્માણ કરી શકીએ. અમે કુટુંબો માટે ખર્ચાઓ ઓછાં કરવાની સાથે સાથે અને ઓન્ટેરિયોની સંપૂર્ણ આર્થિક ક્ષમતા બહાર લાવવામાં મદદ કરીને આ બધું કરી રહ્યાં છીએ,” મંત્રી Bethlenfalvy (બેથલેનફાલ્વી)એ જણાવ્યું. “રાજકોષીય દૂરંદેશીપણું પ્રત્યે અમારી કટિબદ્ધતાને લીધે અમે ઓન્ટેરિયોનું સંરક્ષણ કરવા અભૂતપૂર્વ પગલાઓ લઈ શકીએ છીએ, જેનાથી વિતેલા એક દશકા ઉપરાંતના સમયમાં ઓન્ટેરિયોની નાણાકીય સ્થિતિ સૌથી મજબૂત બની છે.”

*2025 પાનખર આર્થિક નિવેદન*ની ઝાંખીઓમાં નીચેની બાબતો સામેલ છે:

- પહેલી વાર નવું ઘર ખરીદનાર મોટા ભાગના લોકો માટે HST નાં પૂરેપૂરા પ્રોવિન્સના ભાગની છૂટ આપવી. સંઘીય કાયદો (ફેડરલ લેજિસ્લેશન) પસાર થવાને અધીન, ઓન્ટેરિયોની નવી છૂટ $1 સુધીનું નવું ઘર પહેલી વાર ખરીદવાને લાયક બનતા લોકો માટે HST નો 8 ટકાનો પૂરેપૂરો પ્રોવિન્સનો ભાગ દૂર કરવામાં આવશે, જેનાથી નવું ઘર ખરીદવાના ખર્ચમાં ઘર ખરીદનારાઓને $80,000 જેટલી છૂટ મળશે જ્યારે પ્રોવિન્સની વર્તમાન રાહત સાથે મિશ્રિત કરવામાં આવે.

- ઓન્ટેરિયોનો ટેક્સ એક્શન પ્લાન વિકસાવીને, ઓન્ટેરિયોના કામદારો, ધંધાઓ અને સમુદાયોને યુ.એસ. ટેરિફના પ્રભાવોથી બચાવતી તે યોજના પૂરી કરવી. આ કાર્ય ઓન્ટેરિયોના અંગત અને કોર્પોરેટ આવક કરો અદ્યતન કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે જેથી વધારે ધંધાકીય રોકાણ આકર્ષી શકાય, G7 માં ઓન્ટેરિયોની સ્પર્ધાત્મકતા સુધારવામાં અને ખર્ચાઓ ઘટાડવામાં અથવા આગામી વર્ષો અને દશકાઓમાં લોકો અને કુટુંબો માટે રાહત પૂરી પાડવામાં મદદ મળે. ટેક્સ એક્શન પ્લાન પર અદ્યતન માહિતી *2026 ઓન્ટેરિયો બજેટ*માં પૂરી પાડવામાં આવશે.
- વધારાના $100 મિલિયન ઓન્ટેરિયો ટુગેધર ટ્રેડ ફંડ (OTTF) માં રોકવાથી નાના અને મધ્યમ-કદના ધંધાઓને નવા બજારોમાં પ્રવેશવામાં અને વેપાર સ્થિતિસ્થાપકતા મજબૂત બનાવવામાં વધારે મદદ મળશે. આનાથી વર્ષ 2025-26 થી શરૂ કરીને, ત્રણ વર્ષોના સમયગાળામાં કુલ કાર્યક્રમ ભંડોળ $150 મિલિયનનું થશે. વધેલી સહાયતા યુ.એસ. ટેરિફથી પ્રભાવિત થયેલા ધંધાઓને ઉત્પાદનને વેગ અપાવવામાં, નવી વેચાણ ભાગીદારીઓ બનાવવામાં અને આંતરપ્રાંતીય વેપાર વિસ્તારવામાં સક્ષમ બનાવશે.
- ઓન્ટેરિયો મેડ મેન્યુફેક્ચરિંગ ઇન્વેસ્ટમેન્ટ ટેક્સ ક્રેડિટ (OMMITC) વધારવા અને વિસ્તારવા કાયદો ઘડીને ઓન્ટેરિયોના ઉત્પાદકો અને પ્રક્રિયાકર્તાઓને પોતાના ખર્ચાઓ ઘટાડવામાં, નવીનતા લાવવામાં અને વધારે સ્પર્ધાત્મક બનવામાં મદદ મળશે. આમાં ટેક્સ ક્રેડિટ દર 10 ટકાથી 15 ટકા જેટલો હંગામી ધોરણે ઘટાડવાની દરખાસ્ત મૂકવાનો અને કેનેડિયન-કંટ્રોલ્ડ પ્રાઇવેટ કોર્પોરેશન્સ (CCPCs) ન હોય તેવા કોર્પોરેશન્સને 15 ટકા જેટલી નોન-રિફંડેબલ ટેક્સ ક્રેડિટની પહોંચ વિસ્તારવાનો સમાવેશ થાય છે. વધુમાં, સરકાર હવે યંત્રો અને સાધનોમાં રોકાણો માટે પાત્રતા માપદંડ સુધારવાની દરખાસ્ત મૂકી રહી છે જેથી ધંધાઓને વધારે સુગમતા પૂરી પાડી શકાય.
- હોમ કેર સર્વિસીસ અને હોસ્પિટલ ટૂ હોમ (H2H) કાર્યક્રમ લંબાવવા ત્રણ વર્ષોમાં $1.1 બિલિયનનું રોકાણ કરવું. સરકારના રોકાણોમાં નિર્ણાયક ઘરેલું સંભાળ સેવાઓ મજબૂત બનાવવા $982 મિલિયનનું રોકાણ અને H2H કાર્યક્રમ વધારવા અને વિસ્તારવા $170 મિલિયનથી વધારે રોકાણ કરવાનો સમાવેશ થાય છે. આ રોકાણોથી આરોગ્ય સંભાળ તંત્ર અને હોસ્પિટલો પર દબાણો ઘટાડવામાં મદદ મળશે, લોકોને યોગ્ય સંભાળ યોગ્ય સ્થળે મળતી રહેવાની ખાતરી કરવામાં મદદ મળી શકશે.
- યુ.એસ. ટેરિફથી પ્રભાવિત થયેલા ક્ષેત્રોને $5 બિલિયનનું પ્રોટેક્ટિંગ ઓન્ટેરિયો એકાઉન્ટથી સહાયરૂપ થવું. ઓગસ્ટમાં, સરકારે પ્રોટેક્ટ ઓન્ટેરિયો ફાઇનાન્સિંગ પ્રોગ્રામ (POFP) નાં પ્રારંભિક $1 બિલિયનની શરૂઆત કરી, જે સ્ટીલ, એલ્યુમિનિયમ, કોપર અને ઓટો ક્ષેત્રોમાં વધેલા ટેરિફ દરોથી સીધા પ્રભાવિત થયેલા ઓન્ટેરિયો-સ્થિત ધંધાઓને પોતાના દરવાજાઓ ખુલ્લા રાખવામાં અને કામદારોને નોકરી પર રાખવામાં મદદરૂપ થઇને ધંધાઓને પહેલેથી ટેકો આપી રહ્યું છે. સરકાર હવે બીજા અને ત્રીજા પ્રવાહો વિકસાવી રહી છે, જેને બાકીના $4 બિલિયનનો ટેકો મળશે. આ પ્રવાહોથી ઓન્ટેરિયોની આર્થિક સ્થિતિસ્થાપકતા, ઇંધણ નવીનતા મજબૂત બનશે અને ઝડપી વૃદ્ધિ પામતી પેઢીઓ વધારે વેગમય બનીને ઓન્ટેરિયોની વૈશ્વિક ધાર વધારે મજબૂત બનાવશે.

- પ્રોવિન્સની સૌથી મહત્વાકાંક્ષી મૂડી યોજનામાં રોકાણ ચાલુ રાખવું, જેમાં આયોજિત રોકાણોનો સરવાળો 10 વર્ષોમાં $201 બિલિયનથી વધારે થશે, જેમાં 2025-26 માં $33 બિલિયન સામેલ હશે. આ યોજના કામદારોને ટેરિફથી કારણભૂત થયેલી આર્થિક અનિશ્ચિતતાનો સામનો કરીને નોકરી પર રહેવામાં મદદરૂપ થશે.

## ઝડપી હકીકતો

- ઓન્ટેરિયોનો વાસ્તવિક GDP વર્ષ 2025 માં 0.8 ટકા વધવાનો અને 2026 માં 0.9 ટકા વધવાનો અંદાજ છે, જે *2025 નાં બજેટ* અંદાજ *અનુસાર છે.*
- ઓન્ટેરિયોની 2025–26 માં ખાધ $13.5 બિલિયન રહેવાનો અંદાજ છે — જે *2025 નાં બજેટ*માં પ્રકાશિત અંદાજમાં $1.1 બિલિયનનો સુધારો સૂચવે છે. મધ્યમ ગાળામાં, સરકાર 2026-27 માંં $7.8 બિલિયનની ખાધ અને 2027-28 માં $0.2 બિલિયનની સરપ્લસ (સિલક બાકી રહે) તેવો અંદાજ રાખી રહી છે.
- સરકારનો અભિગમ પોતાની યોજનાના ભાગરૂપે 2027–28 સુધીમાં બજેટ સંતુલનનો માર્ગ જાળવી રાખવાનો છે. ઓન્ટેરિયોના કામદારો અને નોકરીઓને સંરક્ષણ પૂરું પાડવા ઓન્ટેરિયો નિર્ણાયક નાણાકીય સહાયતાઓ પૂરી પાડવા જરૂરી બધું કરવા માટે તૈયાર છે.
- 2025-26 માં પ્રોવિન્સનું ચોખ્ખું દેવું-સામે-GDP નું પ્રમાણ હવે 37.7 ટકા રહેવાનો અંદાજ છે, જે *2025 નાં બજેટ*માં અંદાજ કરતા 0.2 ટકા સુધી ઘટે છે. મધ્યમ ગાળાના અંદાજમાં, ચોખ્ખું દેવું-સામે-GDP નું પ્રમાણ *2025 નાં*

  *બજેટ*માંની આગાહી કરતા સાધારણ ઓછું રહેવાનો અને લક્ષ્યાંકિત સ્તરોથી નીચે ચાલુ રહેવાનો અંદાજ રાખવામાં આવે છે.
- તાજેતરમાં પ્રકાશિત *ઓન્ટેરિયોના 2024–2025 માટે જાહેર એકાઉન્ટ્સમાં*, 2024-25 માં ઓન્ટેરિયોએ $1.1 બિલિયનની ખાધ નોંધાવી, જે *2024 નાં બજેટ*માં $9.8 ની અંદાજિત ખાધ સાથે સરખાવેલો આંકડો છે. સરકાર દેવાનો બોજ ઘટાડવા પર અને ઓન્ટેરિયોના નાણાને સંતુલિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.
- નજીકના ભવિષ્યમાં, સરકાર યોજનાનો આગામી તબક્કો જણાવવામાં મદદ માટે સલાહ-મસલતો કરશે જેથી ઓન્ટેરિયોને *2026 નાં ઓન્ટેરિયો બજેટ* નાં ભાગરૂપે સંરક્ષિત કરી શકાય અને ઓન્ટેરિયોના લોકો પાસેથી ઓન્ટેરિયોનું અર્થતંત્ર અને કામદારોને સંરક્ષિત કરવા તેઓના મૌલિક વિચારો સાંભળી શકાય, જેનાથી વધારે નોકરીઓ ઊભી થશે, કરવેરાઓ અને ખર્ચાઓ ઘટાડી શકાશે, વધારે સારી સેવાઓ આપી શકાશે અને નિર્ણાયક માળખાગત સગવડના પ્રોજેક્ટ્સનું નિર્માણ કરી શકાશે.

## વધારાના સંસાધનો

વાંચો, *2025 નું ઓન્ટેરિયોનું આર્થિક વિહંગાવલોકન અને નાણાકીય સમીક્ષા: ઓન્ટેરિયોનું સંરક્ષણ કરવાની યોજના*

*ઓન્ટેરિયોનું સંરક્ષણ કરવાની યોજના*ની ઝાંખીઓ વાંચો

પશ્ચાદભૂ માહિતી વાંચો: Economic and Fiscal Overview (નાણાકીય અને રાજકોષીય વિહંગાવલોકન)

વાંચો, *2025 નું બજેટ: ઓન્ટેરિયોનું સંરક્ષણ કરવાની યોજના*

---

## મીડિયા સંપર્ક

**Colin Blachar**
મિનિસ્ટરની ઑફિસ
Colin.Blachar@ontario.ca

**Scott Blodgett**
નાણા મંત્રાલય
Scott.Blodgett@ontario.ca

**news.ontario.ca/mof/en**
*Disponible en français*